જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૦૧/૨૦૨૩   મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૫૬/૨૦૨૩

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૯/૦૧/૨૦૨૩ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૭ | ૩,૯૫,૩૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ**

**આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ-** **સમાચાર યાદી નં.૫૭/૨૦૨૩**

સિટી સેસન્સ કોર્ટના સ્પે.(પોક્સો) કેસ ૧૮૮/૨૦૧૬ સરદારનગર પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૧૪૪ /૨૦૧૬ ઇપીકો કલમ ૩૬૩, ૩૭૬, ૩૫૪, ૫૦૬, ૨૦૧ તથા પોક્સો એકટ કલમ ૩, ૪, ૫, ૭, ૮, ૧૧, ૧૨ મુજબના ગુનાના કામે **આરોપી રૂપસિંગ રાજેન્દ્રસિંગ ભાટીયા (રહે.મકાન નંબર-૪૩૨, "એફ" વોર્ડ, નહેરૂનગર કેવલ કચેરીની પાછળ, કુબેરનગર)** નાઓને ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નામદાર જજ શ્રી એસ.આઇ.તારાણી સાહેબ, વિશેષ ન્યાયધીશ (પોક્સો એક્ટ) કોર્ટ નંબર-૨૦ અમદાવાદ સમક્ષ તા.૨૩/૦૧/૨૦૨૩ ના રોજ હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૮/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી, ૪૬ લીટર દેશી દારૂ, ૩૩૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮૦૮ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૯૮ બિયર ટીન, ૨ કાર, ૨ સ્કુટર અને ૧ ટેમ્પો વાહન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૫,૭૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૯/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૬૦/૨૦૨૩**

**વસ્ત્રાપુરઃ** મયુરસિંહ ઘનશ્યામસિંહ જાડેજા (ઉ.વ.૪૩) (રહે.કૃષ્ણવન સોસાયટી જનતા આઈસક્રીમ સામે કામેશ્વર સર્કલ પાસે નારણપુરા) એ તા.૦૯/૦૧/૨૦૨૩ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ધંધા અર્થે બે વર્ષ પહેલા તુષાર બારડ (જેના પુરા નામ સરનામાની ખબર નથી) ની ઓળખાણ થયેલ હોય અને તા.૨૫/૧૦/૨૦૨૨ રાતના ૮/૩૦ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન વસ્ત્રાપુર હયાત હોટેલ તથા હયાત હોટલ બહાર મયુરસિંહ જાડેજા ને ગોલ્ડ વેચવાના બહાને બોલાવી વિશ્વાસમા લઈ મયુરસિંહ જાડેજા પાસેથી રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- લઈ જઈ ગુગલ-પે મારફતે પરત આપવાનુ જણાવી રૂપિયા ટ્રાન્સફર કરેલાનો સ્ક્રીન શોર્ટ બતાવી પૈસા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.બી.ભાદરકા ચલાવે છે.

**બાપુનગરઃ** કૌશીકભાઈ સુરેશભાઈ પ્રજાપતિ (ઉ.વ.૩૦) (રહે.સરસ્વતીપાર્ક નારાયણનગર ખોડીયારનગર નિકોલ) એ તા.૦૯/૦૧/૨૦૨૨ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે મોહમદ સાહુન દીન મોહમદ (રહે. બડખલ ફરીદાબાદ નીટ હરીયાણા) એ ઝુમકાર સેલ્ફ ડ્રાઈવ એપ્લીકેશનમાં ઓનલાઈન કાર બુકીંગ કરાવી તા.૧૯/૧૨/૨૦૨૨ રાતના ૯/૦૦ વાગે કૌશીકભાઈ પ્રજાપતિ પાસેથી મારૂતિ બ્રેઝા કાર નંબર જીજે ૨૭ સીએફ ૯૦૬૩ કિમત રૂપિયા ૬,૩૦,૦૦૦/- બાપુનગર સોનીની ચાલી પાસે સુમેલ-૭ એચ-૨૧ જય ગોપાલ હેન્ડી ક્રાફ્ટની દુકાન આગળથી કાર અનલોક કરી લઈ જઈ તા.૨૧/૧૨/૨૦૨૨ રાતના ૩/૦૦ વાગે કાર પરત આપવાનુ કહી આજદિન સુધી કાર પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.ડી.પટેલ ચલાવે છે.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૬૧/૨૦૨૩

**ચાંદખેડાઃ** પ્રશાંતભાઇ ડાહ્યાભાઇ પટેલ (રહે. સૌદર્ય ગ્રીન બંગ્લોઝ ગોલ્ડન વીલા બંગ્લોઝ પાસે ટી.પી-૪૪, ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૧/૨૦૨૩ રાતના કલાક ૧/૩૦ થી કલાક ૩/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાન પાછળની લોખંડની બારીની ગ્રીલ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના, બ્રાસની મુર્તિ અને રોકડ રૂપિયા ૧,૩૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૭૫,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.બી.પટેલ ચલાવે છે.

**નિકોલઃ** સુરૂભા દીપસિંહ વાઘેલા (રહે. ખોડીયારનગર સોસાયટી વિભાગ-૨ ખોડીયારનગર ચાર રસ્તા પાસે નિકોલ) એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૧/૨૦૨૩ રાતના ૧૧/૦૦ થી તા.૦૯/૦૧/૨૦૨૩ કલાક ૫/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૭,૫૦૦/- મળી કુલ રૂપિયા ૧,૦૬,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. તેમજ સુરૂભા વાઘેલાના સોસાયટીમાં સાહેદના મકાનમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૫૦૦૦/- મળી રૂપિયા ૨૬,૦૦૦/- મતાની ચોરી થઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એલ.સિસોદીયા ચલાવે છે.

## વાહન ચોરીઃ- સમાચાર યાદી નં.૬૨/૨૦૨૩

**નરોડાઃ** પંકજકુમાર સોમાજી નનોમા (રહે. નારાયણનગર ભરવાડ વાસ સામે દેવી સીનેમા સામે નરોડા) એ તા.૦૮/૦૧/૨૦૨૩ રાતના ૯/૦૦ વાગે નરોડા કાપડીવાસ સામે લકઝરી બસ નંબર જીજે ૨૪ યુ ૯૫૮૭ કિમત રૂપિયા ૧૨,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૦૯/૦૧/૨૦૨૩ સવારના ૫/૩૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ પંકજકુમાર નનોમા એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.ટી.દેસાઈ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૬૩/૨૦૨૩**

**"જે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** અંકુરબહેન ડૉ/ઓ નંદુભાઇ રાજભર (ઉ.વ.૧૬)(રહે.મહાવીરનગર, ગણેશપાર્કની સામે, બચુભાઇના કુવા, વટવા) તા.૦૯/૦૧/૨૦૨૩ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે વટવા ગુજરાત ઓફસેટ ચાર રસ્તા થી મહાલક્ષ્મી ચાર રસ્તા તરફ જવાના રોડ ઉપર જૈન મંદિર સામે રોડ ઉપર સાયકલ ચલાવી સ્કુલથી પરત ઘરે જતા હતા દરમ્યાન બોલોરો પીકઅપ ગાડી નંબર જીજે.૩૮.ટી.૦૪૩૯ ના અજાણ્યા ચાલકે પુરઝડપે અને બેદરકારીથી વાહન ચલાવી લાવી, અંકુરબહેનની સાયકલને ટક્કર મારતા, અંકુરબહેનને શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લઇ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર અંકુરબહેનના પિતા નંદુભાઇ રાજભર એ "જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે.આ ગુનાની તપાસ ઇ.પો.ઇ.શ્રી એન.જે.મારૂ ચલાવે છે.

ઉપરોક્ત ગુનાના કામના આરોપી નરેશકુમાર નેનાજી ઠાકોર (ઉ.વ.૨૯)(રહે.સેક્ટર-૦૭, સમ્રાટનગર, ઇસનપુર) નાને તા.૦૯/૦૧/૨૦૨૩ સાંજના ૬/૦૦ વાગે અટક કરેલ છે.

**"એસ.જી.-૨" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** દેવીબહેન ડૉ/ઓ ગંગારામ સોલંકી (ઉ.વ.૫૫) (રહે.રામદેવનગર ટેકરા, સેટેલાઇટ) તા.૦૯/૦૧/૨૦૨૩ રાતના ૧૧/૨૫ વાગ્યાના સુમારે ઇસ્કોન બ્રીજ નીચે, ઝાયડસ બિલ્ડીંગ સામે ચાલતા-ચાલતા રોડ ક્રોસ કરતા હતા દરમ્યાન ટ્રક નંબર જીજે.૧૮.બી.વી.૧૧૧૬ ના અજાણ્યા ચાલકે ટ્રક પુરઝડપે અને બેદરકારીથી ચલાવી લાવી, દેવીબહેનને ટક્કર મારતા શરીરે ગંભીર ઇજાઓ થતા તેમનું સ્થળ ઉપર મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર દેવીબહેનના ભત્રીજા ધનજીભાઇ ભાટી એ "એસ.જી.-૨" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે.આ ગુનાની તપાસ ઇ.પો.ઇ.શ્રી એમ.આર.સિંધવ ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૬૪/૨૦૨૩**

**નારોલઃ** નારોલ ઇસનપુર રોડ ખાતે શ્યામ હબ મા કામ કરતા ભુપેન્દ્રભાઇ રમણલાલ પરમાર (ઉ.વ.૫૦) (રહે.ગાયત્રીનગર શાહવાડી ગામ નારોલ) તા.૦૮/૦૧/૨૦૨૩ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે શ્યામ હબમા કામ કરતા હતા ત્યારે પાલખ ઉપરથી નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન રાતના ૮/૫૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જી.બ્રિદ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૬૫/૨૦૨૩**

**સોલા હાઈકોર્ટઃ** ચાંદલોડીયા વિનાયક સિટી સોસાયટી ખાતે કાકાના ઘરે વિધી યોગેશભાઇ દરજી (ઉ.વ.૧૯) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૧/૨૦૨૩ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે કાકાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી કે.આર.પરમાર ચલાવે છે.

**અમરાઇવાડી**: વિનોદભાઇ બેચરભાઇ રાઠોડ (ઉ.વ.૩૭) (રહે. બળીયાનગર લાઇન નંબર-૭ પોસ્ટ ઓફીસ સામે અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૧/૨૦૨૩ રાતના ૧/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રઘુવિરસિંહ ઘનશ્યામસિંહ ચલાવે છે.

**કાગડાપીઠ**: હેતલબહેન આશિષભાઈ પરમાર (ઉ.વ.૨૩) (રહે. કર્ણમુકતેશ્વર એપાર્ટમેન્ટ સફલ-૨ ની બાજુમાં કાંકરિયા) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૧/૨૦૨૩ રાતના ૧૧/૨૫ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી “કે” ડીવીઝન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી